યા દેવી સર્વભૂતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૨ | ૨૧ ઓક્ટોબર, ૨૦૨૦, બુધવાર; નિ. આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જ્યાં સુધી દવા નહીં, ત્યાં સુધી ઢીલ નહીં

**વેક્સિન ન આવે ત્યાં સુધી કોરોના સાથેનું યુદ્ધ જારી : વડાપ્રધાન મોદીની રાષ્ટ્રજોગ સંબોધનમાં કોરોનાને લઇ લોકોને અપીલ : લોકડાઉન ભલે ચાલી ગયું હોય, વાયરસ ગયો નથી, ગાઈડલાઈનનું પાલન કરો, કોરોના વેક્સિનને લઇને કહ્યું- ભારતમાં કામ પુરજોશમાં ચાલી રહ્યું છે, જ્યારે પણ વેક્સિન આવશે દેશવાસીઓ સુધી ઝડપથી પહોંચાડાશે.**



ન્યુ દિલ્હી,તા.૨૦

કોરોનાકાળમાં આપણા દેશના પીએમ મોદી આજે દેશના ૭મી વખસ સંબોધન કરી રહ્યા છે. પીએમ મોદી દેશવાસીઓને હજુપણ સાવધાની રાખવાની સલાહ આપી રહ્યા છે. વડાપ્રધાનનું કહેવુ છે કે, સમય સાથે આર્થિક ગતિવિધઓમાં તેજી આવી રહી છે. આપણામાંથી મોટાભાગના લોકો પોતાની જવાબદારી નિભાવવા, ગતિ આપવા રોજ ઘરની બહાર નીકળી રહ્યા છે. તહેવારોની આ મોસમમાં બજારમાં ધીમે ધીમે રોનક પાછી આવી રહી છે. પરંતુ આપણે આ ભૂલવાનું નથી. લોકડાઉન ભલે ચાલી ગયું હોય, વાયરસ ગયો નથી. છેલ્લા ૭-૮ મહિનામાં દરેક ભારતીયોના પ્રયાસથી આ સ્થિતિમાં પહોંચ્યા છે. એને બગડવા નથી દેવાની. તેને સુધારવાની છે. આજે દેશમાં રિકવરી રેટ સારો છે. ભારત કરતાં બ્રાઝીલ અને અમેરિકામાં આંક ૨૫ હજાર છે. ભારતમાં પ્રતિ ૧૦ લાખમાં મૃત્યુદર ૮૩ છે. બ્રિટન સહિતના અનેક દેશોમાં આ આંક ૬૦૦થી વધારે છે. દુનિયાના સાધન સંપન્ન દેશોની તુલનામાં ભારત પોતાના વધારેમાં વધારે લોકોનું જીવન બચાવવામાં સક્ષમ બન્યો છે. આજે દેશમાં કોરોના દર્દીઓના માટે ૯૦ લાખથી વધુ પથારીની સુવિધા ઉપલબ્ધ ચે. ૧૨ હજાર કોરોન્ટાઈન્ટ સેન્ટર છે. ૨૦૦ હજાર લેબ કામ કરી રહી છે. દેશમાં ટેસ્ટની સંખ્યા ૧૦ કરોડના આંકને પાર કરી જશે. કોવિડ મહામારી વિરુદ્ધ આપણી મોટી તાકાત રહી છે.

સેવા પરમો ધર્મને મંત્રને ચરિતાર્થ કરતા ડોક્ટર, નર્સીસસ હતિ સેવા કરનારાઓ નિસ્વાર્થ સેવા કરી રહ્યા છે. પીએમ મોદીનું કહેવુ છે કે, આ સમય લાપરવાહીનો નથી. આ સમય એવું માની લેવાનો નથી કે કોરોના ચાલ્યો ગયો. અથવા પછી હવે કોરોનાથી કોઈ ભય નથી. હાલના દિવસોમાં આપણે બધાએ ખૂબજ ફોટાઓ અને વિડિયો જોયા છે. તેમાં જોવા મળે છે. જેની અસાવધાની રાખી છે. આ બરાબર નથી. જો તમે લાપરવાહ વર્તી રહ્યા છો. માસ્ક વિના ફરી રહ્યા છો તો તમે તમારી જાતને, પરિવારને, બાળકોને વૃદ્ધોને એટલા જમોટા સંકટમાં નાંખી

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકામાં અલાસ્કાના કાંઠે ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ

અલાસ્કા,તા.૨૦

અમેરિકામાં કોરોનાના કહેર વચ્ચે સુનામીનો ખતરો પણ આવી ગયો છે. અલાસ્કાના કાંઠે પહેલા ૭.૫ની તીવ્રતાનો પ્રથમ ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી, જેના કારણે લોકો સલામત સ્થળોએ રવાના થયા હતા. ભૂકંપ દરમિયાન કેટલાક સ્થળોએ ૧.૫ થી ૨ ફૂટ ઊંચાઈની સુનામીના મોજા પણ ઉછળતા જોવા મળ્યા હતા. બાદમાં ચેતવણીને એડવાઈઝરીમાં ફેરવી દીધી હતી. આ ભૂકંપ સેન્ડ પોઈન્ટ શહેરથી ૯૪ કિમી દૂર જમીનથી ૪૧ કિમી નીચે હતો. કેનેડી પ્રવેશથી યુનિમેક પાસ તરફ સુનામીની ચેતવણી આપવામાં આવી હતી.

## દેશમાં નવા ડિજિટલ હેલ્થ આઈડીના માધ્યમથી કોરોનાનું વેક્સિનેશન થશે

નવી દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લાલ કિલ્લાની પ્રાચીરથી એલાન કરવામાં આવ્યું હતું કે દેશના દરેક નાગરિકને નેશનલ ડિજિટલ હેલ્થ મિશન હેઠળ હેલ્થ કાર્ડ ઈસ્યૂ કરવામાં આવશે. હવે બે મહિના બાદ વડાપ્રધાને ફરી સંકેત આપ્યા છે કે ડિજિટલ હેલ્થ આઈડીનો ઉપયોગ વેક્સીનેશન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવશે. 'ગ્રાન્ડ ચેલેન્જિસલ્ની વાર્ષિક બેઠકને સંબોધિત કરતાં પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોવિડ સંક્રમણની વેક્સીન વિકસિત કરવાના મામલામાં અમે અગ્રિમ મોરચે છીએ અને તે પૈકી કેટલીક તો એડવાન્સ સ્ટેજ પર છે. પીએમ મોદીએ કહ્યું કે, દેશના અનુભવ અને પ્રતિભા શોધના હિસાબથી ભારત

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત-પંજાબ સંક્રમણ પર નિયંત્રણ મેળવવામાં સફળ

નવી દિલ્હી , તા. ૨૦

દેશમાં કોરોના વાયરસના ૭.૫ મિલિયનથી વધુ કેસ નોંધાયા છે. જો આપણે રાજ્ય મુજબ આંકડા જોઈએ તો વિકસિત કરતા પછાત તરીકે ઓળખાતા રાજ્યોને કોરોનાને મ્હાત આપવામાં વધુ સફળતા મળી છે. ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને આસામ એવા રાજ્યો છે જ્યાં કોવિડનો પોઝિટિવિટી રેટ ૨% કરતા ઓછો છે. પોઝિટિવિટી રેટ એટલે પ્રતિ ૧૦૦ પરીક્ષણો દીઠ પુષ્ટિ થયેલ કેસોની સંખ્યા હોય છે જે ૧૪ દિવસના અંતરાલમાં માપવામાં આવે છે. આ એક એવી ઉપલબ્ધિ છે જે આ રાજ્યો કરતા વધુ વિકસિત રાજ્યો પ્રાપ્ત કરવાથી ઘણા દૂર છે. કોરોનાના ટેસ્ટની

● અનુસંધાન પાન-૭ પર

## ભારતની કોરોના સામેની લડત બદલ બિલ ગેટ્સ દ્વારા પ્રશંસા

**ગ્રાન્ડ ચેલેન્જ એન્યુઅલ મીટિંગ ૨૦૨૦માં સંબોધન : વેક્સિન લાવવામાં પણ ભારતની ભૂમિકા મહત્વની રહેશે**



વોશિંગ્ટન, તા. ૨૦

કોરોના મહામારીના સમયમાં બિલ ગેટ્સે ભારતને પ્રેરણાદાયી ગણાવ્યું છે. તેમણે કહ્યું કે આવતા વર્ષે ઉનાળા સુધી કોરોનાની વેક્સિન બનાવી લેવામાં આવશે. આમાં ભારતની ભૂમિકા મહત્વની છે. તેમણે કહ્યું કે કોરોના વેક્સિન અત્યાર સુધીની સૌથી ઝડપી વેકસિત થયેલી વેક્સિન હશે. બિલ ગેટ્સ ગ્રાન્ડ ચેલેન્જ એન્યુઅલ મીટિંગ ૨૦૨૦ માં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે આખી દુનિયાએ આગળ આવી કોઈ પણ મહામારીને પહોંચી વળવા માટે તૈયાર રહેવું પડશે. આ માટે આખી દુનિયાએ અલગ વ્યવસ્થા બનાવવી પડશે જેથી કોઈ પણ મહામારીને સમય પર નાથી શકાય. બિલ ગેટ્સે કોરોના વાયરસ સામે લડવાના ભારતના પ્રયત્નોની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, ફક્ત કોરોના જ નહીં, પરંતુ ભારતે છેલ્લા ૨ દશકમાં સ્વાસ્થ્ય સેવાઓમાં ઘણું રોકાણ અને સુધારો કર્યો છે.

## ચીન-પાક. કંપનીઓ માટે હવે માલિકોની માહિતી ફરજિયાત

**ભારતે પાડોશી રાષ્ટ્રો સાથેના વેપારને વધુ કઠિન બનાવ્યો : ચીન-પાકિસ્તાન સ્થિત આંતરરાષ્ટ્રીય કંપનીઓએ દેશમાં કંપનીના ટેન્ડર ભરતા પહેલા તમામ વિગતો આપવી પડશે**

નવી દિલ્હી, તા. ૨૦

ભારત સરકાર અથવા જાહેર ક્ષેત્રની કોઈપણ કંપનીના કોન્ટ્રાક્ટ માટે ટેન્ડર ભરતા પહેલા ચીન અને પાકિસ્તાનમાં સ્થિતિ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ પહેલા તો સરકાર સમક્ષ પોતાના તમામ ડિરેક્ટર, તેમની રાષ્ટ્રીયતા, કંપનીનો ભવિષ્યનો ઓનરશિપ પ્લાન રજૂ કરવો પડશે. ત્યાર બાદ જ આ કંપનીઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટે સક્ષમ બનશે. આ ઉપરાંત કંપનીની તમામ પેટા કંપનીઓ અને ૧૦ ટકા શેરહોલ્ડિંગ ધરાવતા તમામ લોકોની માહિતી પણ આપવી પડશે. ભારત સાથે સરહદ ધરાવતા દેશોની કંપનીઓ પર વધુ આકરી તપાસ નીતિ અપનાવવાની જાહેર કર્યા બાદ ભારત સરકારે આશરે ત્રણ મહિના પછી ચીન અને પાકિસ્તાન સ્થિત કંપનીઓ માટે કેટલાક નિયમો લાવી છે.

ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલા આ માર્ગદર્શિકાના પરિણામે કોન્ટ્રાક્ટ્સ

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાથી કુલ સંક્રમિતોની સંખ્યા ૭૬ લાખની નજીક : નવા ૪૬૭૯૧ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૦

ભારતવાસીઓ માટે કોરોનાને લઈ ૮૩ દિવસ બાદ થોડા રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. દેશમાં ૮૩ દિવસ બાદ કોરોનાથી સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી ઓછી નોંધાઈ છે જ્યારે મૃત્યુઆંકમાં પણ મોટો ઘટાડો નોંધાતા તે ૫૦૦ની નજીક આવી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૭૯૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૮૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૭૫,૯૭,૦૬૪ થઈ ગઈ છે. વિશેષમાં, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૬૭ લાખ ૩૩ હજાર ૩૨૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૭,૪૮,૫૩૮ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૫,૧૯૭ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

## વેક્સિનથી કોરાના રોકાશે નહીં, રોગ ફેલાતો રહેશે : બ્રિટન ચીફ સાયન્ટિસ્ટ પેટ્રિક વોલેસ

**આજ સુધીમાં માત્ર ચિકનપોક્સ જ એક રોગ છે જેને નાબૂદ કરવામાં આવ્યો છે : ચીફ સાયન્ટિસ્ટ પેટ્રિક વોલેસ : બ્રિટનના ચીફ સાઈન્ટિફિક એડવાઈઝરનો દાવો**

લંડન,તા.૨૦

વિશ્વભરમાં ૧૫૦ જેટલી કોરોના વાયરસ રસીઓ પર કામ થઈ રહ્યું છે. ત્યારે ટોપ એક્સપર્ટે આને લગતી અપેક્ષાઓને ઝટકો આપ્યો છે. બ્રિટનના ચીફ સાઈન્ટિફિક એડવાઈઝર સર પેટ્રિક વોલેસે જણાવ્યું છે કે રસી કોરોના વાયરસને રોકી શકતી નથી. તેઓ કહે છે કે રસી આવતા વર્ષે માર્ચ પહેલાં મળી શકશે નહીં. આ ઉપરાંત વોલેસનું કહેવું છે કે આજ સુધી માત્ર ચિકનપોક્સ જ એક રોગ છે જેને નાબૂદ કરવામાં આવ્યો છે. વોલેસ કહેવું છે કે કોરોના વાયરસની સારવાર મોસમી તાવની જેમ થઈ શકે છે. તેમણે કહ્યું છે કે રસી સંશોધન પહેલા કરતાં ઘણું સારું બન્યું છે, પરંતુ મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચી શકાય તેવી રસી તૈયાર કરવી મુશ્કેલ છે. પેટ્રિકે આ માહિતી સંસદીય સમિતિને આપી છે. તેમણે કહ્યું કે આ પ્રકારની રસી મળે તેવી સંભાવના ઓછી છે જે ચેપને સંપૂર્ણ રીતે રોકી શકે. પેટ્રિક કહેવું છે કે શક્યતા છે કે આ રોગ ફેલાતો રહેશે અને બીજે ક્યાંક સામાન્ય થઈ જશે. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું કે રસીકરણથી ચેપ થવાની સંભાવના ઓછી થશે અને વાયરસથી થતાં રોગની ગંભીરતા અને તીવ્રતામાં પણ ઘટાડો થશે. આ પછી તે સામાન્ય ફ્લૂ જેવો થઈ જશે. તેમણે કહ્યું કે, આગામી કેટલાક મહિનાઓમાં તે સ્પષ્ટ થઈ જશે કે કોઈ રસી સુરક્ષા પૂરી પાડી શકે છે કે, જો હા તો તે કેટલા સમય સુધી. સર પેટ્રિકે કહ્યું કે ઘણી રસીઓના કેન્ડિડેટોએ રોગપ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરી છે, પરંતુ ટ્રાયલના ત્રીજા તબક્કા પછી જ તે જાણ કરી શકશે કે તેઓ ચેપ રોકી શકે છે કે કેમ. તેમણે કહ્યું હતું કે આ પણ બતાવશે કે રસી કેટલી સલામત છે અને મોટી વસ્તીને કેવી રીતે રસી આપવામાં આવે છે. તેમણે કહ્યું છે કે આ રસી આવતા વર્ષ માર્ચ પહેલા સામાન્ય લોકો સુધી પહોંચવી મુશ્કેલ છે.

## છેલ્લે... છેલ્લે...

- ગુજરાત ઈન્કમટેક્ષના ચીફ કમિશનર (ટીવીએસ) દેવાશિષ રોયચૌધરીનું કોરોનાથી નિધન.
- ટીઆરપી કૌભાંડની તપાસ હવે સીબીઆઈ કરશે.
- દેશભરમાં ૧લી ડિસેમ્બરથી ટેકનીકલ સંસ્થાઓ અને એન્જિનિયરીંગ કોલેજો શરૂ કરાશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૪મીએ કિસાન સૂર્યોદય યોજનાનું ઈ-લોકાર્પણ કરશે.
- બિહારમાં ૩૫ કરોડ રોકડા ચૂંટણી પંચે સીઝ કર્યા.
- બિહાર ચૂંટણીમાં એનડીએ ૧૩૮ અને ૯૩ મહાગઠબંધન બેઠકો મળવાનો ઓપીનીયલ પોલમાં દાવો કરાયો.
- હવે મગજની નસોને નુકસાન પહોંચાડી રહ્યો છે કોરોના, એમ્સમાં મળ્યો પહેલો કેસ.
- તાઇવાન અને ચીનના રાજદૂતની વચ્ચે અથડામણમાં રાજદૂત ઘાયલ થયા.
- રાહુલ ગાંધીના નિર્દેશ છતાં કમલનાથે 'આઈટમ' શબ્દ મામલે માફી ન માંગી.


## શ્રદ્ધાંજલિ



**સ્વ. મૌલિક ડી. ત્રિવેદી**

(અનામિકા એકેડેમી)

મરણ અહીં છો રહ્યું... સ્મરણમાં વહે જીંદગી...

**જ્ઞાન એકેડમી ● જ્ઞાન લાઈવ પરિવાર**

**ફેકલ્ટી તથા સ્ટાફ**

## શ્રધ્ધાંજલિ



**સ્વ. મૌલિક ડી. ત્રિવેદી**

(અનામિકા એકેડેમી)

સુખ – દુઃખના અક્ષાંશ - રેખાંશ પર સંવેદનાના વાવેતરની ઝાકળભીની આપની યાદોમાં હદય સતત ભીંજાતુ રહયુ છે. સ્પર્ધાત્મક પરીક્ષાના ક્ષેત્રે 'અનામિકાહ્ન દ્વારા ક્રાંતિ લાવનારા, નબળા વિદ્યાર્થીઓના હમદર્દ, મિશન K-3 (ગુજરાત ગુરૂ બ્રાહમણ સમાજ) ના મારા સાથીદાર આપે અનંત યાત્રાની વાટ પકડી. આપના વૈવધ્યસભર વિષયની જાણકારી અભિવ્યકત કરી શકવા સમર્થ નથી મૌલિક શ્રીમાળીને કોટિકોટિ શ્રધ્ધા સુમન અર્પણ

**આપના સ્વજનો**

ભાનુપ્રસાદ દવે – નિવૃત માહિતી અધિકારી

જયદીપ વ્યાસ - સ્થાપક | જીજ્ઞેશ શ્રીમાળી - પ્રમુખ

રશ્મિકા શ્રીમાળી - મહામંત્રી | મિતેષ પંડયા - ખજાનચી

પદ્યુમન શ્રીમાળી, પારૂલ શ્રીમાળી, રાજેશ્વરીબેન, કુબેરદાસ પંડયા, તેજસ દવે, ધવલ પંડયા અને સમગ્ર જ્ઞાન જયોત શિક્ષણ સમિતિ પરિવારના સ્વજનો.